આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૦૬-૦૬-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## NDAના નેતા તરીકે પ્રધાનમંત્રી શ્રી મોદીની પસંદગી

એનડીએના નેતાઓએ ગઈકાલે સર્વસંમતિથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમના નેતા તરીકે પસંદ કર્યા છે. નવી દિલ્હીમાં એનડીએ નેતાઓની બેઠક દરમિયાન, એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારના કાર્યકાળ દરમિયાન દેશમાં છેલ્લા દસ વર્ષમાં દરેક ક્ષેત્રમાં સર્વાંગી વિકાસ થયો છે. ઠરાવમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દેશની જનતાએ છ દાયકા પછી સતત ત્રીજી વખત પૂર્ણ બહુમતી સાથે મજબૂત નેતૃત્વને ચૂંટ્યું છે.

**(RNU અમદાવાદ)**

**---------------------------------------------------------------------------**

## લોકસભા ભંગ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે 17મી લોકસભા ભંગ કરી દીધી છે. અગાઉ, કેન્દ્રીય કેબિનેટે ગઈકાલે બપોરે યોજાયેલી તેની બેઠકમાં રાષ્ટ્રપતિને તાત્કાલિક અસરથી 17મી લોકસભાનું વિસર્જન કરવાનું સૂચન કર્યુ હતું. જાહેર થયેલા પરિણામો બાદ કેન્દ્રિય કેબિનેટની બેઠક મળી હતી..આ બેઠકમાં લોકસભાનું વિસર્જન કરવાની રાષ્ટ્રપતિને ભલામણ કરવાનો નિર્ણય કરાયો હતો.

**(RNU અમદાવાદ)**

**---------------------------------------------------------------------------**

## CM-મિશન થ્રી મલિયન ટ્રીઝનો પ્રારંભ

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અમદાવાદ ખાતે વૃક્ષારોપણ કરીને 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ' અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો..

મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતેથી AMCના વિવિધ પર્યાવરણલક્ષી પ્રકલ્પોનો આરંભ કરાવ્યો હતો.. AMTS દ્વારા નવા શરૂ કરવામાં આવનાર મેટ્રો કનેક્ટિવિટી ફીડર રૂટ અને રિવરફ્રન્ટના નવા રૂટ પરની ઈલેક્ટ્રીક બસોનું પણ મુખ્યમંત્રીએ લીલીઝંડી ફરકાવીને લોકાર્પણ કર્યું હતુ. સાથોસાથ મુખ્યમંત્રીએ અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત રીડ્યુશ, રીયુઝ, રીસાયકલ  થ્રી આર વાનનો પણ આરંભ કરાવ્યો હતો.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કંડલા ખાતે મોકડ્રીલ

કંડલા ખાતે આગ લાગવાની ઘટનાનો પ્લાન તૈયાર કરી તંત્રની પુર્વ તૈયારીઓનો વાસ્તવિક અભ્યાસ કરવા મોકડ્રીલ યોજાઈ હતી જે અંતર્ગત કંડલા ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના એલપીજી ઈમ્પોર્ટ ટર્મિનલમાં મેન્ટેનન્સ દરમિયાન સ્પાર્ક થતાં વિકરાળ આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતાં જ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનની સેફ્ટી ટીમે ઈમરજન્સી કોલ જાહેર કર્યો હતો. ઈન્ડિયન ઓઈલ પરિસરમાં આવેલી ફાયર સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. જોકે, તમામ ફાયર સિસ્ટમ એક્ટિવ કર્યા બાદ પણ આગ ઉપર કાબૂ મેળવી શકાય એવી સ્થિતિ નહોતી. આથી, જિલ્લા વહીવટીતંત્રની મદદ માંગવામાં આવી હતી. કંડલા પોર્ટના ફાયર ટેન્ડર્સે આગ બુઝાવવામાં સફળતા મેળવી હતી. ત્રીજા લેવલના ડિઝાસ્ટર વખતે જિલ્લા વહીવટીતંત્ર સાથે સુચારુ સંકલનથી રાહત બચાવની કામગીરી માટે આ ઓફસાઈટ મોકડ્રિલનું આયોજન કરાયું હતું.

**(કલ્પના શાહ/NP)**

---------------------------------------------------------------------------

## સામાજીક વનીકરણ વિભાગ દ્વારા વૃક્ષ રથ

લોકો ક્લાઈમેન્ટ ચેન્જની અસરો લગભગ તમામ ક્ષેત્રોમાં અનુભવી રહ્યા છે. ત્યારે મનુષ્યો દ્વારા થતિ વિવિધ પ્રવૃત્તિઓની વૈશ્વિક પર્યાવરણ પર થતી અસરો ઓછી થાય તે માટે સૌ સાથે મળીને આવનારા સમયમાં લોકો વધુને વધુ વૃક્ષારોપણ પ્રવૃત્તિમાં જોડાય તે ખૂબ જ મહત્ત્વનું છે ત્યારે,

કચ્છ સામાજીક વનીકરણ વન વિભાગ દ્વારા ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેન્ટ ચેન્જની ઉભી થયેલ પરિસ્થિતિ સામે ઉપચારાત્મક પગલા લેવા વન વિભાગ દ્વારા વૃક્ષ વાવેતર, નર્સરીઓમાં રોપાઓનો ઉછેર કરી વિના મૂલ્યે રોપા વિતરણ, ખેડુતલક્ષી યોજનાઓ થકી વૃક્ષોના વાવેતર કરી પર્યાવરણ જાળવણી માટે વિવિધ કામગીરીઓ કરવામાં આવી રહી છે. આ ચોમાસા દરમ્યાન સામાજીક વનીકરણ વિભાગ અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળી વન વિભાગ દ્વારા ઉત્તમ પ્રકારના રોપા ભરી કચ્છ જિલ્લાના ૧૦ તાલુકાના ગામડાઓમાં "વૃક્ષરથ" ફેરવવામાં આવશે. જેમાં ગામડાઓની શેરીઓમાં જઈ ઘર ઘર સુધી રોપાઓનું વિતરણ તેમજ તેનો ઉછેર કરી પ્રકૃત્તિના જતનનું મહત્વ સમજાવવામાં આવશે.

**(માહિતી ખાતુ)**

---

## મેલેરિયા માસની ઉજવણી

સમગ્ર કચ્છ જિલ્લામાં આ જૂન મહિના દરમિયાન મેલેરિયા ફેલાવવાની શક્યતાવાળા જિલ્લાના 274 ગામ તથા સાત શહેરી વિસ્તારોમાં 340 જેટલા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું કે, આ ગામોમાં ગ્રામ્યકક્ષાના અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ તથા લોકઆગેવાનો સાથે સંકલન કરી શિબિરોમાં મચ્છરોનું જીવનચક્ર, મચ્છરના પોરા તથા પોરાભક્ષક માછલીઓનું જીવંત નિર્દેશનોનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જૂનને મેલેરિયા માસ ઉજવવા નિયત પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**(RNU અમદાવાદ)**

---

## ક્રિકેટ

ભારતે આયર લેન્ડને 8 વિકેટે હરાવી ટી-20 વિશ્વ કપ ક્રિકેટ સ્પર્ધા અભિયાનનો વિજયી આરંભ કર્યો હતો. ન્યુયોર્ક ખાતેની પ્રથમ મેચમાં આયરલેન્ડ ટીમ 96 રનમાં આઉટ થઈ ગઈ હતી. ભારતે 12 ઓવર માં 2 વિકેટ ગુમાવી 97 રન કરી મેચ જીતી લીધી હતી.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---